ગાંધીનગર સમાચાર

ચિલોડા સર્કલ ફરતે ભ્રષ્ટાચારી ખાડાઓ

# હેન્ડબોલમાં બંને ટીમોએ આઈએચએફ ચેમ્પિયન ટ્રોફી જીતી

**બંને ટીમોએ ફાઈનલમાં બાંગ્લાદેશને પરાજય આપ્યો : પુરુષ ટીમમાં ગાંધીનગરનો અનિલ ખુડિયા 'બેસ્ટ પ્લેયર' : ચીફ કોચ શશિમોહન ધુમાલની મહેનતે ગાંધીનગર સહિત સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું**

ગાંધીનગર, તા.૧૩

બાંગ્લાદેશના ઢાકા ખાતે રમાઈ રહેલ આઈએચએફ આપી ટ્રોફી કબજે કરી હતી. પુરુષ ટીમમાં ગાંધીનગરના અનિલ ખુડિયાને તથા મહિલા ટીમમાં સાથે જ ભારતીય ટીમ માટે હવે કોન્ટિનેન્ટલ કપ તથા જુનિયર વર્લ્ડ કપનો રસ્તો ખુલી ગયો છે.




હેન્ડબોલ ચેમ્પિયન ટ્રોફીમાં ભારતે પુરુષ અને મહિલા વિભાગ બંનેમાં વિશ્વ વિજેતા પદ હાંસલ કર્યુ છે. ભારતની બંને ટીમો ફાઈનલ મેચોમાં બાંગ્લાદેશની ટીમોને કારમો પરાજય મેનિકાને 'બેસ્ટ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ'ના ખિતાબ અર્પણ કરાયા હતા. બાંગ્લાદેશને પુરુષ ટીમે ૪૬-૨૫થી અને મહિલા ટીમે ૪૮-૨થી કારમી હાર આપી હતી. આ જીત

ભારતીય હેન્ડબોલ ટીમે આઈએચએફ ટૂર્નામેન્ટમાં સાતત્યપૂર્ણ દેખાવ કરતા ચેમ્પિયન ટ્રોફી જીતી લીધી છે. પુરુષ અને મહિલા બંને વિભાગમાં ફાઈનલ મેચમાં બાંગ્લાદેશની ટીમોને પરાજય આપ્યો છે. પુરુષ ટીમમાં ગાંધીનગર સાઈના ખેલાડી અનિલ ખુડીયાએ સમગ્ર ટૂર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી પોતાની પસંદગી સાર્થક કરી બતાવી છે. ફાઈનલ મેચમાં અનિલ ખુડિયાએ ૧૧ ગોલ કરી બેસ્ટ પ્લેયરનો ખિતાબ પણ જીતી લઈ ગાંધીનગર અને ગુજરાત સહિત દેશનું નામ રોશન કર્યુછે. મહિલા વિભાગમાં મેનિકાએ પણ ફાઈનલમાં ૮ ગોલ કરી બેસ્ટ પ્લેયરનો ખિતાબ મેળવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બંને ટીમોનો આઈએચએફ ટ્રોફી રમવા જતા પહેલા ગાંધીનગર સાંઈ ખાતે કોચીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર સાઈના કોચ શશિમોહન ધુમાલ ભારતીય ટીમના ચીફ કોચ તરીકે ટીમોની સાથે જ બાંગ્લાદેશમાં હાજર રહ્યા હતા તેમની તથા સાઈ ગાંધીનગરના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુની હકારાત્મક નીતિનું ભારતને સફળ પરિણામ મળ્યું છે. ભારતીય ટીમની પસંદગી સમિતિના ચેરમેન તથા પૂર્વ ભારતીય કપ્તાન આનંદેશ્વર પાંડેએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



શશિમોહન ધુમાલ



અનિલ ખુડિયા

ભારતની ટીમે ઘણા સમયે આઈએચએફ ટ્રોફી જીતી છે. જેનો સમગ્ર શ્રેય કોચ શશિમોહન ધુમાલ તથા તેમની ટીમને જાય છે. અમે અહીં ૨૧ દિવસના કેમ્પમાં ખૂબ મહેનત કરી હતી અને ખેલાડીઓને સારી સુવિધાઓ પણ પુરી પાડી હતી. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરના અનિલ ખુડિયા ટોપ સ્કોરર રહ્યો છે. તેનો મને આનંદ છે. હેન્ડબોલમાં ભારતના પૂર્વ કપ્તાન તરીકે આ વિજયનું મહત્વ મને ખબર છે, હવે ભારતીય ટીમ માટે કોન્ટિનેન્ટલ કપ અને જુનિયર વર્લ્ડ કપનો રસ્તો ખુલી ગયો છે.

**- આર.કે. નાયડુ**
**રિજીયોનલ ડાયરેકટર, સાઈ, ગાંધીનગર**

## @ગાંધીનગર

- અલ-મદની એજયુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા રાત્રે નમાઝ બાદ સે-૨૯ મદીના મસ્જિદની સામે મદની-ચોકમાં વાએજનો કાર્યક્રમ યોજાશે.
- કરાઈ પોલીસ એકેડમી ખાતે સાંજે ૫.૦૦ કલાકે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

## ચૌધરી કન્યા વિદ્યાલયની શાહપુર ગામે એનએસએસ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની એન.એસ.એસ. શિબિર તા. ૫મી ઓકટોબરથી તા. ૧૧મી ઓકટોબર દરમિયાન શાહપુર ગામે યોજવામાં આવી હતી. આ શિબિરમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરી હતી.

એન.એસ.એસ.ની સ્વયં સેવિકાઓ દ્વારા ગ્રામસફાઈ, લોકસંપર્ક, સાક્ષરતા અભિયાન, મહિલા જાગૃતિ, બેટી બચાવો, વ્યસન મુકિત, સામાજિક કુરિવાજ પ્રત્યે અસરકારક કામગીરી કરવામાં આવી હતી. સુત્રોચ્ચાર દ્વારા રેલી કાઢવામાં આવી હતી. પ્રાથમિક શાળાના બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રોગ્રામ ઓફિસર શ્રી મધુબેન પરમાર, ભાવનાબેન ઠકકર હાજર રહ્યા હતા. શિબિરનું સંચાલન આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરીની રાહબરી હેઠળ કરાયું હતું.

## વાતવાતમાં

- ગાંધીનગર જિલ્લા પંચાયત સામે ચ માર્ગ પર એક સ્કૂલ બસની અચનક બ્રેક ફેલ થઈ જવા પામી હતી. સદભાગ્યે આ બસને નિયંત્રિત કરી લેવાતા કોઈ અકસ્માત સર્જાયો નહોતો.
- શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તા. ૧૬મી ઓકટોબર રવિવારે શાહપુર-બાસણ માર્ગે આવેલ અરણ્ય ઉદ્યાન ખાતે સવારે ૭થી સાંજના ૫ વાગ્યા સુધી પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં વનભ્રમણ, જલવાયુ પરિવર્તન અને ઓઝોન અંગે માહિતી, પર્યાવરણના વિવિધ ઘટકો અંગે સમજ, પર્યાવરણમાં સહભાગી કેવી રીતે થવું તે અંગે ચર્ચા જેવી પ્રવૃત્તિઓ આવરી લેવાઈ છે.
- નવરાત્રીના સમાપન બાદ શહેરમાં મોડી રાત્રિથી ઠંડીના દૌરનો પ્રારંભ થયો છે. જેના કારણે નગરજનોને પરોઢે પંખા પણ બંધ કરી દેવાની ફરજ પડી રહી છે. આ ઠંડી સાથે નગરમાં ધીમા પગલે શિયાળાના આગમનના એંધાણ વર્તાઈ રહ્યા છે.
- ડબલ ઋતુના પગલે શહેરમાં વાઈરલ બિમારીઓના દર્દીઓમાં ખૂબ વધારો થયેલો જોવા મળે છે. સિવિલ હોસ્પિટલ ઉપરાંત શહેરના લગભગ તમામ દવાખાના હાલ દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે.
- કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડ પરથી એક મકાનની ચાવી સાથે કુલ ૧૭ ચાવીઓ તથા ઘરેણા, ચશ્મા વગેરે જેવી ચીજવસ્તુઓ મળી આવી હતી. આ તમામ ચીજવસ્તુઓ તેના માલિકની ખરાઈ કરી પરત કરાઈ રહી છે.

## શહેરમાં ભાવાંજલી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

પ.પૂ. પા. ૧૦૮ ઈન્દીરાબેટીજી મહોદયા નિત્યલીલીમાં પધાર્યા છે. જે અંતર્ગત અમદાવાદ-ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ભાવાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું વિશેષ આયોજન કરવા અંગે ચર્ચા વિચારણા કરવા આગામી તા. ૧૬ ઓકટોબરના રોજ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં આવાસ કરતા વૈષ્ણવોની મીટીંગ હવેલી મંદિર સેકટર-૨૧ ખાતે સાંજે ૬.૫ કલાકે રાખવામાં આવી છે. તો શહેરના દરેક વૈષ્ણવોએ મિટીંગમાં હાજર રહેવા ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદ મંત્રી રસિકભાઈ ગાંધીએ અનુરોધ કર્યો છે.



## એલ.ડી.આર.પી કોલેજની વેબસાઈટ હેકીંગ પ્રકરણમાં ગુનો નોંધાયો

**પાકિસ્તાની હેકરે કોલેજની વેબસાઈટનાં હોમપેજ પર પાકિસ્તાનનો ઝંડો મુકી સાંકેતીક ભાષામાં ધમકી આપી હતીઃ સે-૭ પોલીસ સ્ટેશનમાં આઈટી એક્ટ હેઠળ ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની એલ.ડી.આર.પી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી એન્ડ રીસર્ચ કોલેજની વેબસાઈટને પાકિસ્તાની હેકર્સ 'ડેથ એડર્સ ક્રુ' એ બે દિવસ પહેલા હેક કરી પાકિસ્તાનનો ઝંડો હોમપેજ પર ફિક્સ કરી દઈને દેશની સલામતી પર ગાળ લખીને ચેતવણી આપતો સંદેશ મુકી દેતા ચકચાર મચી જવા પામી હતી. તે દિવસે રાત્રે દોઢેક વાગ્યે કોલેજ સંચાલકને હેકીંગ અંગે જાણ થતા તાત્કાલીક ટેકનીકલ સ્ટાફ બોલાવીને કોલેજ રજીસ્ટ્રારે વેબસાઈટ બ્લોક કરાવી દીધી હતી. કોલેજની વેબસાઈટના હોમપેજ પર પાકિસ્તાનનો ઝંડો મુકી દેવાયેલો જોવા મળ્યો હતો. આ સાઈટ ડેથ એડર્સ ક્રુ નાં કાશીફ હેક્ષર દ્વારા હેક કરવામાં આવી હોવાનુ વેબપેજ પર લખેલુ હતુ અને પાકિસ્તાન ઝીંદાબાદ લખી ભારત દેશની સુરક્ષા પર ગાળ લખી હતી. વેબ પેજ પર બીજુ લખાણ પણ લખ્યુ હતુ જે દેશને ચેતવણી આપતુ હોવાનો સંકેત કરે છે. 'અભી તો પાર્ટી શુરુ હુઈ હે મોદીજી, વી વીલ ★★★ યોર સિક્યોરિટી' ચેતવણીરુપ આ સંદેશ લખીને હેકર્સે દેશની સિક્યુરિટીની ઠેકડી ઉડાડતુ લખાણ લખ્યુ હતુ કે 'લાફીંગ એટ યોર સિક્યુરિટી સિન્સ બોર્ન..', 'સિક્યોરિટી ઈઝ જસ્ટ ઈલ્યુઝન'. બે દિવસ અગાઉ રાત્રે દોઢેક વાગ્યે ટેકનીકલ સ્ટાફ બોલાવીને વેબસાઈટ બ્લોક કરવામાં આવી હતી. આ મામલે કોલેજનાં રજીસ્ટ્રાર સુર્યકૃષ્ણ શ્રીમન્નારાયણ શર્મા મંત્રાલાએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પી.આઈ ડી.ડી.સોઢાએ આજે અજાણ્યા હેકર સામે આઈટી એક્ટની કલમ ૬૫ અને ૬૬ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

## સે-૧૭ માં રૂ.૬.૩૮ લાખની ઘરફોડઃ નકલી દાગીનાને હાથ પણ ન લગાડયો

**બંધ મકાનનાં પાછળનાં દરવાજાનો નકુચો તોડીને તિજોરીમાંથી દાગીના અને રોકડ સાફ કરી ગયા : બે દિવસ પહેલા સામેનાં ઘરની બારીનો કાચ ફોડયો હતો**

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ઘરફોડ ચોરોનો આતંક શિયાળાનાં આગમનની સાથે જ વધવા માંડયો છે. ગઈ કાલે શહેરનાં સે-૧૭ ખાતે છ-ટાઈપનાં બે દિવસથી બંધ એક સરકારી મકાનમાં તસ્કરોએ મોટો હાથ માર્યો હતો. પરિવારજનો બહાર ગામ ગયા તે અરસામાં તેમનાં બંધ મકાનનાં પાછળનાં દરવાજાનો નકુચો તોડીને અંદર ઘુસેલા તસ્કરો તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.૬.૩૮ લાખની મત્તા સાફ કરી ગયા હતા. નવાઈની વાત તો એ છે કે ચોરો એટલા માસ્ટર હતા કે સોનાનાં દાગીના શોધીને લઈ લીધા અને નકલી દાગીનાને હાથ પણ લગાડયો નહીં..!!. મકાનમાલિકની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ડોગ સ્ક્વોર્ડ અને એફ.એસ.એલ.ની મદદ લઈ ઉંડી તપાસ શરુ કરી છે.

શહેરનાં સે-૧૭ છ-ટાઈપ, બ્લોક નં.૧૭/૩ ખાતે રહેતા ભરતભાઈ અમૃતભાઈ નાયી ડ્રાઈવર તરીકે સરકારી નોકરી કરે છે અને તેમનો એક દિકરો રૂપાલ હાઈસ્કુલ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તા.૧૧ અને ૧૨ બે દિવસ ભરતભાઈ પરિવાર સાથે બહાર ગયા હતા અને તેમના મકાનને તાળુ હતુ. ગઈ કાલે સાંજે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે જોયુ તો તેમના મકાનનાં પાછળનાં દરવાજાનો નકુચો તુટેલો હતો અને અંદરનાં રૂમમાં પડેલી તિજોરીમાં સરસામાન વેરવિખેર પડયો હતો. તેમના મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરો રૂ.૨૯ હજાર રોકડા તથા સોના-ચાંદીનાં દાગીના મળી કુલ રૂ.૬,૩૮,૮૨૫ ની મત્તાની ચોરી કરી રફૂફુચક્કર થઈ ગયા હતા. ભરતભાઈએ પોલીસને જાણ કરતા મોડી સાંજે સે-૨૧ પી.આઈ મીની જોષેફ તથા તેમની ટીમ સ્થળ પર દોડી આવી હતી. ડોગ સ્ક્વોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ પણ બોલાવી લેવામાં આવી હતી. ડોગ મકાનમાંથી બહાર નિકળીને પંચાયત પરિષદ થઈ સે-૧૭ માં ઉભા કરેલા ડોમ તરફ દોડીને ગયો હતો. પોલીસે ગુનો નોંધીને તપાસનો દૌર શરુ કર્યો છે. મળતી માહિતી મુજબ બે દિવસ પહેલા આ મકાનની સામેના મકાનની બારીનો કાચ ફોડયો હતો. તેમાં આ જ ટોળકીનો હાથ હોવાની શક્યતા છે. પાંચેક માસ અગાઉ સામેનાં બ્લોકનાં એક મકાનમાં પણ ઘરફોડ ચોરી થવા પામી હતી.

## ગાંધીનગરની મેડીકલ કોલેજની હોસ્ટેલમાં ઈ-લાયબ્રેરી વિકસાવાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સે-૧૨માં આવેલ મેડીકલ કોલેજ ખાતે આમ તો એક હજારથી વધુ પુસ્તકો ધરાવતી લાયબ્રેરીની સગવડ ઉપલબ્ધ જ છે. પરંતુ બદલાતા આધુનિક જમાનાને ધ્યાનમાં રાખીને હવે વિદ્યાર્થીઓ માટે -લાયબ્રેરીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે. મેડીકલ કોલેજની બોયઝ તથા ગર્લ્સ હસ્ટેલ ખાતે આ ઈ-લાયબ્રેરી ઉભી કરવામાં આવશે. જેમાં પાંચ પાંચ કોમ્પ્યુટર્સ ઈન્ટરનેટની સુવિધા સાથે લગાડાશે. આ કોમ્પ્યુટર્સથી વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમને લગતા પુસ્તકો ઓનલાઈન વાંચી શકશે. આમ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને પણ અભ્યાસ સાથે જોડાયેલા રહી શકશે. બંને હોસ્ટેલમાં ઈ લાયબ્રેરી પ્રારંભ કરવા બાબતે વિદ્યાર્થીઓમાં આનંદનું મોજું પ્રસરવા પામ્યું છે.

## ઉમા સંસ્કાર તીર્થ કન્યા વિદ્યાલય ખાતે કારકિર્દી સપ્તાહનો સમાપન સમારોહ






ગાંધીનગર, તા.૧૩

જીલ્લા શિક્ષણ, માહિતી અને રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહનું આયોજન તા. ૪ થી ૧૦મી ઓકટોબર, ૨૦૧૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. તા.૧૦મી ઓકટોબર, ૨૦૧૬ના રોજ કારકિર્દી આયોજન સપ્તાહનો સમાપન સમારોહ "ઉમા સંસ્કાર તીર્થ કન્યા વિદ્યાલય", ચંદ્રાલા, તા. ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં "ઉમા સંસ્કાર તીર્થ કન્યા વિદ્યાલય"ના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મનુભાઈ પટેલ, આચાર્યશ્રી અન્નપૂર્ણાબેન તથા જીલ્લા શિક્ષણ અને માહિતી કચેરીના અધિકારીશ્રીઓ અને રોજગાર અધિકારી શ્રી વી.એસ.પંડોર, મુખ્ય મહેમાનશ્રી મેહુલભાઈ સુથાર (આચાર્ય દેવો ભવ, નેશનલ એવોર્ડ વિજેતા-૨૦૧૬) તથા વ્યવસાય માર્ગદર્શન સંસ્થા, રાયખડ, અમદાવાદ ખાતેથી શ્રીમતી મધુબહેન દવે તથા યુનિવર્સીટી રોજગાર બ્યુરો, અમદાવાદથી શ્રીમતી દર્શીનીબેન આચાર્ય તેમજ રોજગાર કચેરીના કર્મચારી શ્રી ડી.કે. પટેલ તથા કાઉન્સેલરશ્રી નિર્મલ પટેલ તથા શ્રી સતિષ પટેલ વગેરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી મેહુલભાઈ સુથાર અને રોજગાર અધિકારીશ્રી દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી સપ્તાહ અંગે માર્ગદર્શન આપી તેમને કારકિર્દી ચાર્ટ પ્રદર્શનથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

આ સાથે ગાંધીનગર જિલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ સ્વરૂપે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. કેરિયર કોર્નર પ્રવૃત્તિ ચલાવતા શિક્ષકશ્રીઓમાંથી શ્રેષ્ઠ કેરિયર કોર્નર શિક્ષકને ટ્રોફી એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

# ચિલોડા સર્કલ ફરતે ભ્રષ્ટાચારી ખાડા

**નેશનલ હાઈવે ઓથોરીટીની ગંભીર બેદરકારી જીવલેણ બનશે, કાયમી બનેલી આ સમસ્યા પ્રત્યે તંત્રનો સતત ઢાંકપિછોડો**

ગાંધીનગર, તા.૧૩

રાત-દિવસ વાહનોથી સતત ધમધમતા ચિલોડાથી પસાર થતા નેશનલ હાઈવેની ભયંકર દુર્દશા થઈગઈ છે. જેમાં ચિલોડા સર્કલની બાજુમાં વર્ષોથી વરસાદી પાણી થકી ખાડા પડી જવાની સમસ્યા કાયમી બની છે. પરંતુ તંત્રના ભ્રષ્ટાચારી વલણમાં આ ખાડાઓ જીવલેણ બનતા વાહનચાલકોમાં તંત્ર વિરૂધ્ધ આક્રોશ ભભુકી ઉઠયો છે. નેશનલ હાઈવે ઓથોરીટીની આ સમસ્યા પ્રત્યેની બેફિકરાઈ પસાર થતાં વાહનચાલકોમાં આબરૂના ધજાગરા કરી રહી છે. છતાં પણ તંત્ર છડે ચોક આ કામ પૂર્ણ કરવા કે કાયમી રીતે મજબૂત કરવા કોઈ જ કાર્યવાહી ન હાથ ધરતાં ટુંક સમયમાં આંદોલનના ભણકારા વાગી રહ્યા છે.

ચિલોડાથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર નરી આંખે ભ્રષ્ટાચાર દેખાઈ રહ્યો છે. ચિલોડાથી હિંમતનગર વચ્ચે અસંખ્ય ખાડાઓ પડી ગયા છે. જેમાં ચિલોડાએ બનાવેલા મોટા સર્કલની બાજુમાં જ મોતના કૂવા સમાન ખાડાઓ પડયા છે. રોડ ટેક્ષ અને ટોલટેક્ષ થકી અઢળક નાણાં ખંખેરી લેતા તંત્રએ સુવિધા આપવામાં પાછી પાની કરી છે. વળી હલકી ગુણવત્તાના દેશના આ મુખ્યમાર્ગને બનાવીને ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો હોય તેવું પ્રથમ દ્રષ્ટિએ જ સૌને લાગી રહ્યુંછે. વાહનોથી દિવસ રાત ધમધમતા ચિલોડા જંકશનના સર્કલનો પણ દાટ વળી ગયો છે. છતાં તંત્ર કાયમી બનેલી આ સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યું છે.



ચિલોડા સર્કલની બાજુમાંથી પસાર થવુંએટલેજીવનેજોખમમાંમુકવો તેવી સ્થિતિનુંનિર્માણ થયુંછે. અજાણ્યા વાહનચાલક ચોકકસ અકસ્માતનો ભોગ બની શકે તેવા મસ મોટા ખાડાં પડી ગયા છે. પરંતુ તંત્રની બેફિકરાઈ દુર થતી નથી. ગુજરાત રાજયના પાટનગરમાં પ્રવેશ કરવાના સ્થળે જ આવી સ્થિતિ ઉભી થઈ છે અને વિદેશી તથા પર પ્રાંતિયોની નજરમાં તંત્રના આબરૂના ધજાગરા થઈ રહ્યા છે છતાં પ્રજાના પ્રતિનિધિઓ કે અધિકારીઓનું રૂવાડું પણ ફરકતું નથી અને બિન્દાસપણે ભ્રષ્ટાચાર આદર્યો હોય તેવું વલણ છતું કરી રહ્યા છે. ચિલોડા એ ચોતરફ આવન જાવનનું કેન્દ્ર બન્યું છે અને દૈનિક અસંખ્ય વાહનચાલકો અહીંથી પસાર થાય છે ત્યારે આ સમસ્યા દુર નહીં થાય તો આંદોલનના ભણકારા વાગી રહ્યા છે તેમજ જે તે જવાબદારો વિરૂધ્ધ વિઝિલન્સ તપાસ હાથ ધરી સજાની માંગ પણ કરવામાં આવી રહી છે.

## આજે કરાઈ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

નોર્થ ઈસ્ટ રાજયોના પોલીસ અધિકારીઓ, જવાનો અને મહિલા પોલીસ ગુજરાત રાજયની મુલાકાતે આવેલ છે. જેઓ તા. ૧લી ઓકટોબરથી ૧૫મી ઓકટોબર દરમિયાન ગુજરાતમાં ગુજરાતની વિવિધ અકાદમીઓ, સરહદો, ગરબા બંદોબસ્ત અને જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે.

ગુજરાતની કલા, સંસ્કૃતિ, ગુજરાતની સભ્યતા અને ગુજરાતના નવરાત્રી મહોત્સવ વગેરેની મુલાકાત લઈ ગુજરાતનો વિકાસ જુએ અને વિવિધ રાજયો વચ્ચે આદાન પ્રદાન થકી દેશનું એકાત્મ વધે તેવો આ મુલાકાત પાછળનો આશય રહેલો છે.

નોર્થ ઈસ્ટ રાજયોના પોલીસ અધિકારી, જવાનો અને મહિલા પોલીસની ગુજરાતની મુલાકાત સંદર્ભે આવતીકાલે સાંજે ૫.૦૦ કલાકે રાજયના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. વિશ્નાબેન રામાજી વિહોલ, ઉ.વ. ૪૬
- સ્વ. ઠાકોર રઈબેન સોમાજી, ઉ.વ. ૫૮
- સ્વ. શાંતિબેન રાજારામ જયસ્વાલ, ઉ.વ. ૫૫
- સ્વ. ધોબી કાન્તિભાઈ છગનલાલ, ઉ.વ. ૮૦